1. ડેવિડ બર્ગોનું સંચાર મૉડલ સમજાવો. (March 19)

➢ ડેવિડ બર્ગોએ SMCR પ્રત્યાયન મૉડેલ રજૂ કરેલ છે. જેની સમજૂતી નીચે પ્રમાણે છે :

Source : પ્રેસક

Message : સંદેશો

Channel : માધ્યમ

Receiver : પ્રાપ્તકર્તા

2. ‘વર્લ્ડ વાઇડ વેબ’(WWW)નો અર્થ સમજાવો.

➢ ઇન્ટરનેટ પર માહિતી કે સેવા આપતા કયૂટરને ‘ઇન્ટરનેટ સર્વર’ કહે છે. ઇન્ટરનેટ પર દુનિયાભરના હજારો સર્વર એક વિશાળ થી જોડાયેલા છે. આ રચનાને ‘વર્ડ વાઇડ વેબ’ (WWW) કહે છે.

3. ભારતના રેડિયો અને ટેલિવિઝન પ્રસારણ કયા મંત્રાલય દ્વારા સંચાલિત થાય છે?

➢ ભારતના રેડિયો અને ટેલિવિઝન પ્રસારણ ભારત સરકારના ‘સૂચના અને પ્રસારણ’ મંત્રાલય દ્વારા સંચાલિત થાય છે.

4. પારસ્પરિક સંચાર કોને કહેવાય?

➢ બે કે તેથી વધુ વ્યક્તિ કે સમૂહ વચ્ચે એકબીજાની પ્રત્યક્ષ હાજરીમાં વાતચીત, પ્રેમ, હાસ્ય, રુદન કે કોઈ પણ અભિવ્યક્તિ, કોઈ સંકેત કે હાવભાવ વ્યક્ત કરે અને એકબીજા પર તેની અસર ઉપજાવે તેને પારસ્પરિક સંચાર કહેવાય.

5. સમૂહસંચાર કોને કહેવાય? (March 19)

➢ સમૂહસંચાર માધ્યમો વિશાળ અને જટિલ માનવસમુદાયોને વિવિધ ટેકનોલૉજીની મદદથી ઝડપી સંદેશાઓ પહોંચાડવાનું કાર્ય કરે છે. જેમાં વર્તમાનપત્રો, રેડિયો, ટેલિવિઝન, કમ્પ્યુટર, મોબાઇલ, ઇન્ટરનેટ વગેરેનો સમાવેશ થાય છે.

6. સંચાર એટલે શું?

➢ સંચાર લેટિન શબ્દ ’કોમુનિસ’થી બન્યો છે. તેનો અર્થ થાય છે ‘સમાન’. જ્યારે વ્યક્તિ સંચાર સંપર્ક કરે છે ત્યારે પરસ્પર સમાન સ્થિતિ રાખવાનો પ્રયત્ન કરે છે. આમ, પરસ્પર કોઈ વિચાર, ભાવના, દષ્ટિકોણ કે સૂચનને વહેંચવાનો પ્રયત્ન કરવામાં આવે.

7. રેડિયો વધુ લોકપ્રિય કેમ નીવડ્યો છે?

- રેડિયો દ્વારા વસ્તીના મોટા ભાગ સુધી એક જ સમયે ઓછા ખર્ચે અને પ્રભાવી રૂપથી પહોંચી શકાય છે. રેડિયો પ્રમાણમાં સસ્તા છે. સરળતાથી તેની હેરફેર થઈ શકે છે. જ્યાં વાહન અને સંચાર સુવિધા મર્યાદિત છે એવાં દૂરદૂરનાં ગામડાંઓમાં રેડિયો પહોંચી શકે છે. ભારતની મોટા ભાગની વસ્તી નિરક્ષર છે. આથી રેડિયો તેમના માટે મનોરંજન અને જાણકારી માટેનું મહત્ત્વપૂર્ણ સાધન છે. આથી રેડિયો વધુ લોકપ્રિય નીવડ્યો છે.

8. ગુજરાતીમાં 'સંચાર' માટે અન્ય કયો શબ્દ પ્રયોજવામાં આવે છે ?

- ગુજરાતીમાં 'સંચાર' માટે સંદેશાવ્યવહાર, સંચાર, પ્રત્યાયન વગેરે અન્ય શબ્દ પ્રયોજવામાં આવે છે.

9. વિશ્વમાં સૌપ્રથમ પ્રિન્ટિંગ પ્રેસનો પ્રારંભ ક્યાં, કોણે અને ક્યારે કર્યો?

- વિશ્વમાં સૌપ્રથમ પ્રિન્ટિંગ પ્રેસનો પ્રારંભ જર્મનીમાં ગટેન બર્ગે ઈ. સ. 1440માં કર્યો હતો.

10.પી.ટી.આઈ.નું પૂરું નામ જણાવો.

- પી.ટી.આઈ.નું પૂરું નામ 'પ્રેસ ટ્રસ્ટ ઑફ ઇન્ડિયા' છે.

11. યુ.એન.આઈ.નું પૂરું નામ જણાવો.

- યુ.એન.આઈ.નું પૂરું નામ 'યુનાઇટેડ ન્યૂઝ ઑફ ઇન્ડિયા' છે.

12. રેડિયો પ્રસારણથી દેશનો કેટલો ભાગ આવરી લેવામાં આવ્યો છે?

- રેડિયો પ્રસારણથી દેશનો આશરે 83 ટકા ભાગ આવરી લેવામાં આવ્યો છે.

13. ભારતમાં ખાનગી રેડિયો  પ્રસારણ સેવા ક્યારથી શરૂ કરવામાં આવી?

- ભારતમાં ખાનગી રેડિયો પ્રસારણ સેવા ઈ. સ. 1923માં મુંબઈથી શરૂ કરવામાં આવી.

14. Www નું પૂરું નામ જણાવો.

- Www નું પૂરું નામ "વર્ડ વાઈડ વેબ" છે.

15. હિંદી ભાષામાં 'સંચાર' માટે કયો શબ્દ પયોષ આવે છે?

- હિંદી ભાષામાં 'સંચાર' માટે સંચાર, સૂચના, સંચાર વ્યવસ્થા, સંસર્ગ વગેરે શબ્દ પ્રયોજવામાં આવે છે.

16. "સંચાર" એટલે ?

- સંચાર છે કે તેથી વધુ પક્ષો વચ્ચેની એવી આતચંતિય છે, જેમાં સંવેદનાવાહક અને ભૌતિક માધ્યમો દ્વારા એ કચ્છીજા પક્ષ 5. આંતરિક કે બાહ્ય અસર ઉપજાવે છે.

17. સંચારમાં કેવા સંદેશાના આદાનપ્રદાનની પ્રક્રિયા ચાલતી રહે છે ?

- સંચારમાં સુચના, આદેશ, નિર્દેશ, સલાહ, મંતવ્ય, શિક્ષણ, પ્રેરણા, પ્રેમ, ભાવનાઓ વગેરેવાળા સંદેશાના આદાનપ્રદાનની પ્રક્રિયા ચાલતી રહે છે

18. સંચારના માધ્યમોને ધ્યાનમાં રાખી ક્યા બે પ્રકાર પાડવામાં આવે છે?

- સંચારના માધ્યમોને ધ્યાનમાં રાખી આ બે પ્રકાર પાડવામાં આવે છે : (1) પારસ્પરિક સંચાર માધ્યમો અને (2) સમૂહસંચાર માધ્યમો.

19.સંચારનાં પરંપરાગત માધ્યમોમાં શેનો સમાવેશ થાય છે?

- સંચારનાં પરંપરાગત માધ્યમોમાં લોકસાહિત્ય, લોકસંગીત, કઠપૂતળી ખેલ, ભવાઈ, લોકનાટ્ય વગેરેના સમાવેશ થાય છે.

20.સમૂહસંચાર માધ્યમના ક્યા બે પ્રકાર છે?

- સમૂહસંચાર માધ્યમના આ બે પ્રકાર છે : (1) પરંપરાગત સમૂહસંચાર માધ્યમો અને (2) આધુનિક સમૂહસંચાર માધ્યમો.

21.રેડિયોનો આવિષ્કાર ક્યાં, કોણે અને ક્યારે કર્યો હતો?

- રેડિયોનો આવિષ્કાર ઇટલીના વૈજ્ઞાનિક માકનીએ ઈ. સ. 1921માં કર્યો હતો.

22.ભારતમાં સૌપ્રથમ ફિલ્મ ક્યારે પ્રદર્શિત થઈ હતી ?

- ભારતમાં સૌપ્રથમ 7 જુલાઈ, 1896ના રોજ ફિલ્મ પ્રદર્શિત થઈ હતી.

23.ટેલિવિઝનની શોધ ક્યાં, કોણે અને ક્યારે કરી હતી?

- ટેલિવિઝનની શોધ ઇંગ્લેન્ડના વૈજ્ઞાનિક જોન, એલ. બેયર્ડે ઈ. સ. 1926માં કરી હતી.

24.ભારતમાં સૌપ્રથમ રંગીન ટેલિવિઝનનું પ્રસારણ ક્યારે શરૂ થયું?

- દિલ્લીમાં ઈ. સ. 1982માં ભારતના યજમાન પદે યોજાયેલ નવમા એશિયન (એશિયાડ) રમતોષવનું સૌ પ્રથમ રંગીન ટેલિવિઝન પ્રસારણ થયું તું.

25.ડિજિટલ કયૂટરની શોધ કોણે કરી હતી ?

- ડિજિટલ કમયૂટરની શોધ ઈ. સ. 1મમાં ક્યાંન મોયેલ અને જે. પી. એનર્ટ દ્વારા થઈ હતી.

26. “ઈન્ટરનેટ સર્વર” કોને કહે છે?

- ઈન્ટરનેટ પર માહિતી કે સેવા આપતા કપૂરને ‘ઇજરનેટ સર્વર’ કહે છે.